સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ચૂંટણી પંચ પગલાં લેવાનું જ ભૂલી ગયું છે!
કરે ગલ્લાં-તલ્લાં સીબીઆઇ ગુન્હા ડૂલી ગયું છે!
ઝૂલી રહ્યું છે તંત્ર આખું ય હવે એના જ ઇસારે -
'ક્લીન ચીટ'નું તો હવે કારખાનું જ ખૂલી ગયું છે!
(સત્તા ની ધાક)

ન્યાય તંત્રમાં,
'જજ' નહીં, મિત્રની
છે જરૂરત..
(-શ્રી સુબ્રમણ્યમ્)

નયે વરેજી,
કચ્છી માડુ એં કે
ધિલ જી દુઆ..
(કચ્છી નવું વરસ)

ચિંતન

ષડદોષા પુરૂષેણેહ હાતવ્યા ભૂતિમિચ્છતા । નિંદ્રા તંદ્રા ભયં ક્રોધં આલસ્ય દીર્ઘ સૂત્રતા ॥

જેન સફળતા સાથે પ્રગતિ કરવી જ હોય તેણે, નિંદ્રા, તંદ્રા, ભય, ક્રોધ અને આળસ તથા દીર્ઘ સૂત્રતા - (કામ ટાળવાની વૃત્તિ - પછી કરીશ, થાય છે) આ છ દૂષણોનો ત્યાગ કરવો જોઇએ.

કેટલાંક લોકો દીર્ઘસૂત્રી હોય છે કોઇ પણ તાત્કાલિક-છવ-ઉત્સાહથી પૂરાં કરવાનો એમનો સ્વભાવ જ હોતો થાય છે, કાલ કરશું, હજી ઘણો સમય છે કહી ટાળતાં રહે એટલું જ બીજું કોઇ કરે તો પણ એનો સ્વભાવ ચંચળ છે કહી નિંદા કરે - આવાં દીર્ઘસૂત્રી આળસુ લોકો જીવન વ્યવહારમાં કદી સફળ થતાં નથી.

વિદ્યાર્થી હોય કે જીવનમાં કોઇ પણ મહત્ત્વાકાંક્ષા રાખનાર વ્યક્તિએ કોઇ પણ મહત્ત્વાકાંક્ષા રાખનાર વ્યક્તિએ સમય અને આરામનો ભોગ તો આપવો જ પડે પલંગમાં પડ્યા પડ્યા પ્રગતિ પૂછા કરવા આવતી નથી.

નિંદ્રા-તંદ્રા - બે ધ્યાનપણું-નિરસતા, બેદરકારી, ભય-ક્રોધ અને આળસનો ત્યાગ કરનાર વ્યક્તિ જ સફળતા અને પ્રગતિ કરી શકે છે.

સુવિચાર

- સમયના સૂર્યનું ચાલે તો સળગાવી મૂકે સઘળું.. વ્યથાનાં વાદળો તો વાતાવરણને જીવતું રાખે **- રઇશ મણિયાર**
- જે અન્યાય કરે છે તેને તું ક્ષમા આપ... જે તને પોતાનાથી વિખૂટા કરે છે તેને તું પ્રેમ કર... અને જે તારી બુરાઇ કરે છે તેની તું ભલાઇ કર **- પયગમ્બર**
- આયુષ્ય, કર્મ, સંપત્તિ, વિદ્યા અને મરણ... આ પાંચ - જીવ ગર્ભમાં રહે ત્યારથી જ નિશ્ચિત હોય છે **- વિષ્ણુગુપ્ત ચાણક્ય**
- તૂ કરતાં વહી હૈ જો તું ચાહતા હૈ, પર હોતા વહી હૈ જો મેં ચાહતા હું, તું વહી કર કે દેખ જો મેં ચાહતા હું, ફીર વોહી હોગા જો તૂ ચાહતા હૈ **- એસ.એમ.એસ**
- પરમાત્માને જે દિલ આપે છે.. પરમાત્મા તેને દીલ દઇને આપે છે **- જનકલ્યાણ**
- અભિમાની પાસે કોઇ જવા તૈયાર નથી હોતું.. અને ક્રોધી પાસે કોઇ જતું નથી.. આથી અભિમાન અને ક્રોધથી દૂર રહેવું સલાહ ભર્યું છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જેની જિંદગી માટે તમે દિલથી રહી શકો તેની માટે તમે જિંદગી બની શકો છો અને.. જેની માટે તમે જિંદગી બની શકો તેની જિંદગીમાં તમે જીવનભર સાથ આપી શકો છો **- અમૃતબિંદુ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

હતાશા-નિરાશાને જો નવું સૂકાન મળી જાય તો જીવનની દિશા બદલાઇ જતી હોય છે. જરૂર છે સારા કોઇ તત્ત્વચિંતક-માર્ગદર્શક કે એવાં કોઇ સારાં પુસ્તકની જે જીવનમાં જોમ ભરી દે!

મોસ્કો યુનિ.નો એક વિદ્યાર્થીને કોલેજના મિત્રો પણ અવહેલના કરતા હતા. એવામાં પરીક્ષામાં પણ નપાસ થયો. માતા-પિતા પૈસા મોકલી હિસાબ-ખર્ચમાં પોતાની ફરજ પૂર્ણ થયેલી સમજતા. પ્રેમ-પ્રોત્સાહન સાથે કદી એનો પરિચય જ નહીં. આત્મહત્યાનો નિર્ણય કર્યો. ઝેરી દવા લાવ્યો. રસ્તામાં પડેલાં વર્તમાન પત્રમાં છુપાવી એને હોસ્ટેલના રૂમમાં લાવ્યો.

જે છાપામાં એ ઝેર વીંટી લાવ્યો હતો એમાં એક લેખ-રાષ્ટ્રની ઉન્નતિ માટે અને મુક્તિ માટે 'ઝાર' સામે એકત્ર થઇ યુવાનોને લડવાની અસરકારક હાકલ હતી.

એ લેખ રશિયન ક્રાંતિના અગ્રદૂત 'હર્જેન'નો હતો. બાટલી ફેંકી એમને મળવા દોડ્યો. 'હર્જન' નો ખાસ શિષ્ય થઇ રશિયન ક્રાંતિમાં જોડાયો - ઝાર સરકારનું પતન થયું અને આ યુવાન તે ક્રાંતિવીર એન્ટોન દારીખેવ જેનું એક લેખની અસરથી જીવનનું સૂકાન બદલી નાખ્યું. હતાશાનો ઉકેલ આત્મહત્યા નથી જ!

Email - sureshchandrabhatt18@gmail.com

ગાંધીનગર સાહિત્યસભાની કારોબારીની મીટીંગ તા. ૩-૭-૨૦૧૪ ગુરૂવારના રોજ સર્કીટ હાઉસ ખાતે રાખવામાં આવેલ છે

● આનંદ ઉપવનમાં એક લટાર

તાજેતરમાં જૂન-૨૦૧૪નો આનંદ ઉપવન સામાયિકનો અંક મળ્યો. તેની વિશેષતા એ છે કે તેમાં સંપાદન અને મેગેઝીન તંત્રી ધીરૂભાઇ પરીખ દર માસે નિયમિત પ્રગટ થતાં આ માસિકને સમાજ, સાહિત્ય અને સંસ્કૃતિને ઉજાગર કરે તેવું શિષ્ટ સામાયિક બનાવવા અને તે રીતે તેની ઓળખ ઉભી કરવાની નેમ લઇને બેઠા છે. તેથી સેક્સ, ક્રાઇમ, અને પોલિટિક્સથી મુક્ત માસિક બનાવવા માંગે છે. જેમાં ચિંતન, લેખ - 'સોનેરી આશાની ખુશહાલ ખેતી' પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઇ એ લખ્યો છે. ઉપરાંત ધારાવાહિક રામકતા રજનીકુમાર પંડ્યાનો સ્મરણ - ઝબકાર, રતિલાલ બોરીસાગરનો હાસ્ય લેખ, સુભાષિત મંજુષા, જગત અલગારી-માં દુર્લભ દૃશ્ય - મગરના આંસુ, માહિતી મંજુષા, દુનિયા આજકાલ, સંત પરમ હિતકારી મેકરણદાદા વિષેનો લેખ ડો. દલપત પઢિયાર અને પ્રારબ્ધ નવલિકા ડો. કેશુભાઇ દેસાઇએ લખી છે. કથા વાર્તા, સ્મરણાંજલિ, કાન્તિ ભટ્ટની કલમે, વર્ડનેર, સત્તર પંચા સંચાણું અને પાથેય જેવા વિભાગો છે. જે વાચકને જકડી રાખે તેવા વાંચનક્ષમ જણાય છે.

● પ્રો. એચ. કે મહેતાની સેવા ભાવનાને સલામ

જુદા જુદા ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભાષાનું ખુબ મહત્વ છે. ટેકનોલોજીના આ યુગમાં અંગ્રેજીને ખુબ જ મહત્ત્વ આપવામાં આવે છે. પણ આપણા વિદ્યાર્થીઓને સાચું અને સારું અંગ્રેજી લખતાં, બોલતાં આવડે તે પણ ખુબ જ અગત્યનું છે ત્યારે આ કામ સેવાભાવ સાથે વિનામૂલ્યે કરવા માટે તત્પર આણંદના પ્રો. એચ.કે. મહેતા અભિનંદનના અધિકારી બને જ, તેઓ છેલ્લા નવ વર્ષથી સમગ્ર ગુજરાતની સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકોને વિનામૂલ્યે તાલીમ આપે છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ
સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● ભરૂચની સાહિત્ય સંસ્થા 'કાવ્ય ત્રિવેણી'

સમગ્ર ગુજરાતમાં નાનાં મોટા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં નાના નાના દીવડાઓ રૂપે ટમટમતી અને પોતાનો ઉજાસ ફેલાવવા મથતી અનેક સાહિત્ય સંસ્થાઓ કામ કરે છે.

'કાવ્ય ત્રિવેણી' સાહિત્ય સંસ્થા ઘણાં વર્ષોથી ભરૂચ ખાતે કાર્યરત છે. આ સંસ્થાના ઉપક્રમે દર માસે કવિ મિત્રો ભેગા મળે છે અને કાવ્ય પઠન કરે છે. કવિતા વિશે કંઇક નવું જાણવા માટે વિચારોનું આદાનપ્રદાન થાય છે. સંસ્થા દ્વારા વર્ષમાં એકવાર મુશાયરાનું આયોજન કરવામાં આવે છે. જેનો માટા પ્રમાણમાં સાહિત્યરસિકો લાભ લે છે.

તે ઉપરાંત દર વર્ષે એક કવિના પુસ્તકનું પ્રકાશન કરવાનું પણ નક્કી થયેલું છે. જેની શરૂઆત વર્ષ ૨૦૧૧થી કરવામાં આવી છે. જે અંતર્ગત કવિ હરિવદન જોષીના કાવ્યસંગ્રહ 'લાગણીની બારી'થી શરૂઆત થઇ હતી. અને આ પરંપરાને આગળ વધારતાં વર્ષ ૨૦૧૨માં પ્રભુદત્ત ભટ્ટનો કાવ્યસંગ્રહ 'નયન ભીનાં ભીનાં' પ્રગટ થયેલો. આ બંને કાવ્ય સંગ્રહને ગુજરાતનાં નામાંકિત સાહિત્ય સર્જકો એ આવકાર્યા અને સુંદર પ્રતિભાવ પાઠવ્યા. જેના થકી 'કાવ્ય ત્રિવેણી' સંસ્થા ભરૂચને આગવી ઓળખ મળી છે.

તે પછી સંસ્થા દ્વારા નવા ચાર પ્રકાશનો થયાં છે. પ્રભુદત્ત ભટ્ટનો બીજો કાવ્ય સંગ્રહ 'તું કાગળ લખ' મંગળ ઓડનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'શબ્દ સુગંધ', જયોતિષ મહેતાનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'પેન-પાટી-લીટાં' અને કાવ્ય ત્રિવેદી સંસ્થાના કવિમિત્રોનો સહિયારો કાવ્ય સંગ્રહ 'શબ્દના સરનામે' પ્રગટ થયો એ નાની સંસ્થા મોટી ઉપલબ્ધિ ગણાય. આ સહિયારા કાવ્ય સંગ્રહમાં ભરૂચના તમામ કવિ મિત્રોની પાંચ-પાંચ રચનાઓનો 'શબ્દના સરનામે' કાવ્ય સંગ્રહમાં સમાવેશ કરાયો છે. એમ સંસ્થાના સંયોજક બિમલ ચૌહાણ જણાવે છે.

'કાવ્ય ત્રિવેણી' ભરૂચ દ્વારા કવિ પ્રભુદત્ત ભટ્ટના કાવ્યસંગ્રહ 'તું કાગળ લખ'નું પ્રકાશન થયું છે તેમાં ગઝલ, ગીત, અછાંદસ, મોનો ઇમેજ, અનુવાદ અને મુક્તકો એમ વિવિધ પ્રકારની ભાતીગળ રચનાઓ માણવા મળે છે. જેમ કે -

આંગણે ઉગી હતી આમલી કપાઇ ગૈ,
વાંસઝુંડ કેરી એ ઝાડવી સુકાઇ ગૈ,
એ ઘટા અને છટા ક્યાં હવે મળી શકે?
બારણા ખુલી ગયાં બારી સૌ વસાઇ ગૈ,

● ● ●

ઘેઘુર વીજો ગાજતી જોને અહીં દેખાય છે,
યુદ્ધો અને વિનાશનાં ચિત્રો બધે દેખાય છે,
આ માનવીએ દૈત જેવો ઘાતકી કૈં લાગતો,
ક્યાં પ્રેમ છે ને શાંતિ સુત્રો ક્યાં હવે દેખાય છે.

આ એક ગીત પણ જૂઓ -

સહુ આપણે પેંગ્વિન સરખાં,
સહુ આપણે પેંગ્વિન સરખાં,
કદીક બર્ફમાં ને કદી જળમાં,
થોડું વિહરતાં થોડું તરતાં,
કદી ભૂચર કદી જળચર જેવાં,
સહુ આપણે પેંગ્વિન સરખાં,
ના શમણાં ને ના કોઇ ઇચ્છા,
જીવી મરીને ફરી જનમતાં,
સહુ આપણે પેંગ્વિન સરખાં.

● ● ●

મન ઘોડો મન મોરલો
મન મર્કટ મન ચીલ,
મનડા! મનને નાથવા
હવે કરીશ ના ઢીલ

ભરૂચના સૌ કવિમિત્રોને સાહિત્ય સૌરભ પ્રસરાવવા બદલ ગાંધીનગર સાહિત્યસભા વતી અભિનંદન પાઠવું છું.

● કવિ વિવેચક મધુ કોઠારીનો અમૃત મહોત્સવ

જાણીતા કવિ વિવેચક અને 'મોનો ઇમેજ' મેગેઝીનના સંપાદક મધુ કોઠારીને ૭૫ વર્ષ પુરાં થવાની ભરૂચની સાહિત્ય સંસ્થા 'કાવ્ય ત્રિવેણી' દ્વારા અમૃત મહોત્સવ ઉજવાઇ ગયો. ડો. અશ્વિનભાઇ ગુજરાત યુનિ.ના પૂર્વ વાઇસ ચાન્સેલર ડો. અશ્વિનભાઇ કાપડિયાંએ મોમેન્ટો અર્પણ કર્યો હતો અને દક્ષિણ ગુજરાત યુનિ.ના ગુજરાતી વિભાગના વડા. ડો. જગદીશ ગુર્જરે સન્માનપત્રનું વાંચન કર્યું હતું.

● ગુર્જર સાહિત્યનો ઝરૂખો

ગુજરાતભરના અને મુંબઇમાં વસતાં ગુજરાતી સાહિત્ય, કલા, સંસ્કૃતિ, લોક કલાકારો, ફિલ્મી કલાકારોનો સમગ્ર ગુજરાતને પરિચય મળી રહે તે માટે 'ગુર્જર સાહિત્ય ઝરૂખો' નામે દળદાર પુસ્તક નિરંજન હરિશંકર પંડ્યા, મુંબઇ દ્વારા પ્રગટ થયું છે. જેમાં સર્જકનું નામ, સરનામું, જન્મ તારીખ, કયા ક્ષેત્રમાં શું પ્રદાન કર્યું છે તેની વિગતો સવિસ્તાર સર્જકના તસ્વીર સાથે પ્રગટ કરવામાં આવી છે.

● ગાંધીનગર સાહિત્ય સભાની કારોબારી મળશે.

ગાંધીનગર સાહિત્યસભાની કારોબારીની મીટીંગ તા. ૩-૭-૨૦૧૪ ગુરૂવારના રોજ સર્કીટ હાઉસ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં સૌ કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

એક ખેડૂતની વેદના વ્યક્ત કરતું કાવ્ય

ખાલી દરિયો નામક એક પંજાબી કાવ્ય સંગ્રહનો અનુવાદ કરીને આવકવેરા કમિશ્નરશ્રી બી.એસ. રતને કોરી નદી નામક પુસ્તક પ્રકાશિત કરેલ છે. પુસ્તકના પ્રકાશનમાં ગાંધીનગર સ્થિત સાહિત્યકાર ડો. કેશુભાઇ દેસાઇ અને તેમના સુપુત્રી અયનાબહેન પટેલની પ્રેરણા અને સંયુકત પુસ્તકમાંથી કોરી નદી પુસ્તક પ્રકાશિત થયેલ છે. આ પુસ્તકમાંથી એક ખેડૂતની વેદનાને વાચા આપતું એક કાવ્ય "એટલો જ ફરક" નામના મથાળા હેઠળ પસંદ પડ્યું. કાવ્યમાં એક ખેડૂતની હૃદયદ્રાવક વેદનાને વાચા આપવાનો પ્રયત્ન લેખકે કર્યો છે. ચાલો ત્યારે એક ગરીબ ખેડૂતની હૃદયદ્રાવક કથા સાંભળીએ.

"અમારા અને તમારા વચ્ચે
ફક્ત આટલો ફરક
અમારા માટે દિવસ એટલે દિવસ
અને રાત પણ એક દિવસ
તમારા માટે દિવસ એ દિવસ
અને રાત એ રાત"

મારે ત્યાં એક ગરીબ ખેડૂતની બહેન છેલ્લા બાવીશ વર્ષથી પ્રેમથી સ્વાદથી ભરપુર રસોઇ જમાડે છે. રસોઇ કરતાં કરતાં તેમનાં ગરીબ ખેડૂત ભાઇની વ્યથા અને વેદનાને ભૂસવા પ્રયત્ન કરે છે છતાં ભૂલી શકતી નથી.

બે બહેનોના લગ્ન કરવામાં તેના ભાઇઓએ ખેતીલાયક જમીનો વેચવી પડી. ત્યારે બાકી રહેલા એક જમીનના ટુકડામાં લોહી પસીનો એક કરી તેનો ભાઇ ટાઢ તડકો વેઠી ખેતી કરે છે. ખેતી કરવા માટે પાણી વેચાતું લેવું પડે, ખેતરો ખેડવા ટ્રેકટરો ભાડે લેવા પડે. ખેતરમાં વાવેતર કરવા ઉધાર બિયારણ અને ખાતરો ખરીદવા પડે. પાકને લણવા અને અનાજ છુટું પાડવા યંત્રો ભાડે લેવા પડે. આ બધાનો ખરચો કાઢતાં કાઢતાં બાકી રહેલું ખાવાલાયક અનાજ બાજરો-ઘઉં જરૂરિયાત કરતાં પણ ઓછું હોય તો જિંદગી જીવવા માટે થોડુંક અનાજ વેચવું પડે. એરંડા, કપાસ, ગુવાર જેવા વેપારી પાકો વાવીને બધા ખરચાં કાઢતાં થોડાક પૈસા હાથમાં બાકી બચે તેમાંથી ઘરખરચ કાઢવામાં પણ આખું વરસ આંગળીના વેઠા ગણવા પડે. ખેતરમાં ઝેરી સાપો ફેરા માટે તો પણ રાત્રે ખેતીના કામો કરવા ખેતરમાં જ ઘાંસની પથારી કરીને થાકીને સૂઇ જવાનું ત્યારે કાવ્યમાં કવિ જે વાત કરી છે એ જ વાતને ચરિતાર્થ કરતી વાસ્તવિક કહાની જેવી જ કાવ્યની કડીઓ છે.

ચેતનાનો સમય
- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

એક અમીરને માટે તો દિવસ એ દિવસ જ રહે છે અને રાત્રીએ તો રાત્રી રહે છે. અમીર વેપારી દિવસે પણ આરામ લઇ શકે અને રાત્રે પણ આરામની નિંદર માણી શકે ત્યારે એક ગરીબ ખેડૂતને માટે તો દિવસ અને રાતમાં કોઇ ફરક પડતો નથી. આખો દિવસ જાત મહેનત કરીને પસીનો પાડીને તડકો ટાઢ વેઠીને પેટે પાટા બાંધીને ભૂખ્યા રહીને ખેતી કરવી પડે છે અને રાત્રે પણ ખેતીનું કામ કરવા ખેતરમાં પડ્યા પાથર્યા રહેવું પડે છે. તમે માટે રાત એ પણ દિવસ સમાન છે. દિવસે પણ જાગવાનું મજુરી કરવાની અને રાતે પણ જાગવાનું અને મજુરી કરવાની એટલે તેને માટે તો દિવસ રાતમાં કોઇ ફરક પડતો નથી. એટલે એક અમીરને માટે એને એક ગરીબને માટે દિવસ રાત વચ્ચેનો ફેરક રજુ કરતી કાવ્યની કડીઓમાં એક ગરીબ ખેડૂતની વ્યથા વ્યક્ત કરવામાં આવી છે અને આ વ્યથા જોઇને આપણાં હૃદયમાં પણ વેદના થાય છે. જય જવાન જય કિસાનના નારા તો સારા લાગે પણ જવારે એક ગરીબ ખેડૂતની વેદના સાંભળીને જયારે જય કિસાનના નારા માત્ર નર્યો દંભ લાગે છે. ખેડૂતોએ આપઘાત કરવો પડે એવી આજે હાલત છે ત્યારે સરકારે આવા ગરીબ ખેડૂતોની વહારે આવવા સરકાર માટે આ આ કાવ્ય એક ચેતનાનો સંદેશો છે.

આજ કાવ્યમાં આગળ કવિ કહે છે કે

'અમે પરસેવે ખેતર સીંચીએ
ધરતીમાંથી અન્ન પૈદા કરીએ
તમે ફક્ત અનાજના કોથળા ગણો
અથવા એમને ગોદામમાં ગોઠવો
અમારી કમાણીએ પેટનો ખાડોય ના પૂરાય
તમારી મુડીથી બેંકો ઉપરાય
એ તો વધતી જ રહે
દિવસે ના વધે એટલી રાતે વધે
અમારા માટે તો સૂરજ પણ દેવ
અને ચાંદો પણ દેવ
ખરાં તનમનથી
પુજીએ દિવસ રાત
અંગ થાબડી એકમેકનાં
તારા ગણને છાંયે
કામ કરવાને કાજ
હરદમ બસ તૈયાર
અમારા - તમારામાં
આટલો જ ફરક'

આટલું લખતા મારી આંખો પણ ભીની થઇ ગઇ. અમે ખેડૂત હતા. મારા પિતા ખેતી કરતાં કરતાં નિશાળમાં છોકરાઓને ભણાવતાં. પેટે પાટા બાંધીને દેવું કરીને અમને ભણાવતા અને સાચવતાં. અમારા ખેતરમાં આગ લાગી. બળદો દાઝી ગયા. એક ઘોડી સળગીને ઘરે આવીને ફળિયામાં ચત્તી પાટ સુઇને મૃત્યુ પામી ત્યારે મારા વૃદ્ધ પિતાને આઘાત લાગતાં પક્ષઘાત થઇ ગયો.

તેના મૃત્યુ પછી લેણદાર વાણિયાઓએ અડધું પડધું દેવું માફ કરી થોડુંક વસુલ કર્યું ત્યારે અમારો એક ભાઇ આખી જિંદગી બળદની જેમ ખેતી કરતો અને અમે શહેરમાં ભણતા. પિતાના મૃત્યુ પચી અમે ભાઇઓએ ખેતીમાં ભાગ ના પાડ્યા અને ઘરનાં મકાનો ખેતીની જમીન બધું જ ભાઇને અર્પણ કરી દીધું. ત્યારે દેવું કરી કરીને ખેતી કરીને કંટાળેલા ભાઇએ ખેતરો અને ઘરના મકાનો વેચી સન્યાસ લઇ આશ્રમોમાં જિંદગી વિતાવવા લાગ્યો ત્યારે એ જ ભાઇ જયારે ખેતી કરતો ત્યારે તમે મારે દિવસ અને રાત સરખાં જ રહેતાં. કાવ્યની આગળની કડીઓનો ભાવાનુવાદ કરતાં પણ આંખો ભીની થઇ જાય છે. કાવ્યમાં એક ગરીબ ખેડૂતની વેદના વ્યક્ત કરતાં એક ખેડૂત મનોમન વેદના વ્યક્ત કરતાં કહે છે કે અમે તો રાત દિવસ એક કરીને પસીનો ટાઢ તડકો વેઠીને ધરતીમાંથી મુઠી એક અનાજ પૈદા કરીએ જયારે અમીર વેપારી ગણ તો અનાજના કોથળા ગણતા હોય કે અનાજના ગોડાઉનો ભરીને અનાજ વેચીને તગડા થાય જયારે ખેડૂતને માટે તો નાનકડી કમાણીથી પેટનો ખાડોય ના પૂરાય જયારે અનાજના વેપારીઓ અમારા અનાજની કમાણી કરી મુડી ભેગી બેંકોમાં ઠાલવે અને તેની મુકી રાતે ના વધે એટલી દિવસે વધે જયારે એક ગરીબ ખેડૂત માટે તો સૂરજ પણ દેવ અને ચાંદો પણ દેવ અને બંનેને ખરા તનમનથી પુજીએ સૂરજના તડકે દિવસે અને રાતના ચાંદના અજવાળે અને તારા ગણ અમારા માટે ટાઢક. અમારે તો રાત દિવસ એક કરીને ખેતી કામ કરવા હાજર રહેવું પડે ખેડૂત કહે છે કે અમીરચંદ અનાજના વેપારીઓ અમારા અને તમારામાં આટલો જ ફરક.

ચેતનાનો સંદેશો કે સરકારોએ હવે ખેડૂતોની અવદશા સામે નજર નાખવાનો સમય પાકી ગયો છે. ખેતીલાયક જમીનો બિચારા ખેડૂતો કંટાળીને વેચવા લાગ્યા છે અને જાણે કે કારખાનાઓ ખેતીની જમીનો ગળી જઇને કારખાનામાંથી અનાજ પેદા કરવાના હોય તેમ ખેતી અને ખેડૂતોની બરબાદી થવા લાગી છે. હે સરકારો હવે શહેરોને તમે ખૂબ ઉજળા કર્યા હવે ગામડાઓને ગામડાઓના ખેડૂતોને ખેતીને ઉજળા કરવાનો સમય પાકી ગયો છે.

દવા નિયમિત લેજો અને ચરીમા શંખ બિલકુલ નો વગાડતા, નહિ તો પછી બધી શક્તિ પાછળથી જતી રહેશે, શંખ વગાડવો રમત વાત નથી!

એક ભાઇ ડોકટર પાસે ગયા. ડોકટરો પુછ્યું, 'શું થાય છે?'

'સાહેબ ઝાડા'

ડોકટર : કેટલીવાર જવું પડે છે?

'ત્રણ વાર'

ડોકટર : ક્યારે જવું પડે છે?

'સાહેબ... સવારમાં છ વાગ્યામાં, પછી બપોરે સાડા બારના અરસામાં અને છેલ્લે રાતે નવ વાગે.'

ડોકટર : જુઓ આ બે જાતની ટીકડી દિવસમાં ત્રણવાર લેવાની અને પીવાની દવા રાતે સૂતી વખતે લેવાની. અઠવાડિયુ જોઇ જુઓ, મટી જશે.

અઠવાડિયા પછી પેલો ફરી ડોકટર પાસે ગયો. ડોકટરે પુછ્યું 'કાં કેમ રહ્યું?'

'સાહેબ... ખાસ ફેર પડ્યો નથી.'

ડોકટર : જુઓ આજે દવા ફેરવી છે. તે પણ ત્રણવાર લેવાની અને પીવાની દવા બંને વાર ખાધા પછી.

ફરી અઠવાડિયું દવા લીધી પણ ફેર પડ્યો નહિં એટલે જેમ ડોકટરો દવા બદલી તેમ આણે ડોકટર બદલી કાઢ્યા. નવા ડોકટરે પણ આ જ રીતે પંદર દિવસ દવા ખવરાવી પણ ફેર પડ્યો નહિં એટલે તે ડોકટરનેય મૂક પડતો ને હવે વૈદ્ય પાસે ગયો. પોતાના રોગની તથા અગાઉ લીધેલી દવાની માંડીને વાત કરી.

વૈદ્યે હાથ પકડી નાડી જોઇને કીધું, 'વાયુનો પ્રકોપ' અને પછી તો તેને જુદી જુદી ફાકીના પડીકા આપ્યા અને અઠવાડિયા પછી બતાવી જવાં કહ્યું.

અઠવાડિયા પછી પેલો ગયો. વૈદ્યે પુછ્યું, 'કાં કેમ રહ્યું?' 'હવે ત્રણવારને બદલે બે વાર જવું પડે છે. એટલો ફેર પડ્યો.' વૈદ્યે ફરી દવાના પડીકા આપ્યા અને અઠવાડિયા પછી આવવા કહ્યું.

નાની અમથી વાત (હળવે હૈયે)
ચરી
લે. ભગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

અઠવાડિયા પછી પેલો ફરી ગયો અને કહ્યું, 'પાછું ત્રણ વાર જવું પડે છે પણ હવે પહેલાં કરતાં ઓછો જથ્થો જાય છે.'

એટલે વૈદ્યે તેની દિનચર્યા વિષે પુછ્યું. એટલે તેણે કહ્યું 'હું વેલા ઉઠી ચા પાણી પતાવી નહી ધોઇને છ વાગે મંદિર જાઉં છું. પછી આવીને દુકાને જાઉં. પાછો સાડાબારે મંદિર જાઉં, ત્યાંથી ઘેર જમીને ત્રણેક વાગે દુકાને જાઉં. રાતે આઠ વાગે દુકાન બંધ કરીને ઘેર જાઉં. જમીને પાછો મંદિર ઉપડું. આમ ખાસ તો મંદિરેથી આવ્યા પછી જ મારે ડબલું ભરવું પડે છે. હે તો અશક્તિ પણ બહુ લાગે છે. હવે તો હું કાં ગયો છું. કાંક એવી દવા આપો કે આનો પાર આવે નહિં તો આમા ને આમા મારો પાર આવી જશે.'

વૈદ્યને હવે શંકા ગઇ કે નક્કી આને મંદિર અને ઝાડા સાથે સંબંધ છે. એટલે તેમણે પુછ્યું 'તમે મંદિરમાં પ્રસાદ ખાઓ છો અથવા ત્યાંનું આચમન લ્યો છો?'

'ના એવું તો કાંઇ નથી લેતો'

વૈદ્ય : તો પછી આ ત્રણ 'ટાઇમે' ત્યાં શું કરો છો?

'એ ટાઇમે આરતી થાય છે અને તે વખતે હું શંખ વગાડું છું.'

વૈદ્ય : (મનમા - તારી ભલી થાય. શરીરમાં પ્રાણ તો છે નહિં ને પાછો શંખ વગાડે છે, પચી કહ્યું) હવે દવા ફેરવી આપું છું અને ચરી પણ પાડવી પડશે.

'ચરીમાં શું પાળવાનું'

વૈદ્ય : દવા નિયમિત લે જો અને ચરીમા શંખ બિલકુલ નો વગાડતા. નહિ તો પછી બધી શક્તિ પાછળથી જતી રહેશે. શંખ વગાડવો રમત વાત નથી!

સુરસુરીયું : એક સમાચાર - ઘ-૩ પાસે નવી સરકારી કચેરીના બાંધકામમાં ટોયલેટના બારણાં જ બનાવવાના રહી ગયા. આનું નામ જ, લોકો બહારથી પણ જોઇ શકે તેવો, પારદર્શક વહીવટ!!